# હિંમતનગરના ટાવર રોડ પરના પથ્થરો વેપારીઓએ હટાવી દેતા દેકારો

## ધારાસભ્ય અને કોર્પોરેટરે હાજરી આપતા પોલીસ મુકપ્રેક્ષક બની : સોમવારે વહિવટીતંત્ર અંતિમ નિર્ણય લેશે

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરમાં સતત વાહનોથી ધમધમતા અને લોકોની ચહલપહલથી સતત વ્યસ્ત રહેતા ટાવર રોડ પર નગરપાલિકા દ્વારા રોડની વચ્ચે થોડા સમય અગાઉ પથ્થરો મુકીને બે ભાગ પાડી દીધા હતા. જેના કારણે વાહન પાર્કિંગ અને અવરજવર કરવામાં વાહન ચાલકોને ખુબજ મુશ્કેલી પડતી હતી. જે અંગે ટાવર રોડના વેપારીઓએ નગરપાલિકા તથા અન્ય સંલગ્ન વિભાગોમાં રજુઆત પણ કરાઈ હતી. તેમ છતાં રોડ વચ્ચેના પથ્થરો દૂર ન કરાતા આખરે શુક્રવારે ટાવર રોડના વેપારીઓએ સ્વયંભૂ પથ્થરો હટાવી દેતા થોડાક સમય માટે દેકારો મચી ગયો હતો. જો કે આ વખતે પાલિકાના એક કોર્પોરેટરે વેપારીઓનો પક્ષ લઈને જાતે જ પથ્થરો ઉઠાવી રોડની સાઈડમાં મુકી દીધા હતા. દરમિયાન ધારાસભ્ય પણ વેપારીઓની પડખે રહ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનથી ટાવર ચોક સુધીના રોડ પર સતત અવરજવર રહે છે. તો બીજી તરફ પોલીસ તંત્ર અને નગરપાલિકાએ નાગરીક બેંકથી હિંમત હાઈસ્કૂલના સિવિલના કોટની બહાર કાયદેસરની પાર્કિંગ વ્યવસ્થા કરી હોવાને કારણે વાહનચાલકો દિવસ દરમ્યાન પોતાના નાના વાહનો પાર્ક કરે છે જેના કારણે રોડ સાંકડો બની જાય છે. તો બીજી તરફ નાગરીક બેંકની લાઈનમાં આવેલ ટાવરના ઢાળ સુધીની દુકાનોની આગળ ખુદ પાલિકાએ રાહદારીઓ માટે ફૂટપાથ બનાવ્યો છે. પરંતુ તેનો ઉપયોગ ફક્ત વેપારીઓ કરી રહ્યા છે.

દરમિયાન થોડા સમય અગાઉ નગરપાલિકા અને અન્ય સંલગ્ન વિભાગોએ તઘલખી નિર્ણય લઈને નાગરીક બેંકથી ટાવરચોક સુધીના રોડ વચ્ચે પથ્થરોની આડસ મુકીને રોડને બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યો છે. જેના કારણે મહાવીરનગર તરફથી આવતા વાહન ચાલકને જો જુના બજારમાં જવુ હોય તો ટાવરના ઢાળને બદલે નાગરીક બેંક સુધી જઈને પાછા આવવુ પડે છે. ઉપરાંત ટાવર રોડ પર હિંમત હાઈસ્કૂલનો પાછળનો દરવાજો ખૂલ્લો રાખવામાં આવતો હોવાને કારણે સવારે અને સાંજના સુમારે સતત અવર જવર રહે છે. નગરપાલિકાએ રોડની વચ્ચે પથ્થરરૂપી ડિવાઈડર ગોઠવી દીધા હોવાને કારણે લોકોને ખુબજ મુશ્કેલી પડી રહી છે જે અંગે વેપારીઓએ કરેલી રજુઆત બાદ પણ કોઈ હકારાત્મક કાર્યવાહી ન થતા આખરે કંટાળીને શુક્રવારે ટાવર રોડના વેપારીઓએ તથા પાલિકાના કોર્પોરેટર ગોવિંદસિંહ રાઠોડે જાતે જ રોડ વચ્ચેના પથ્થરોને હટાવી દેવાતા નગરપાલિકાનો સત્તાધારી પક્ષ તરત જ હરકતમાં આવી ગયો હતો.

જો કે ટાવરરોડના વેપારીઓની મુશ્કેલી સમજીને સ્થાનિક ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા પણ ટાવર રોડ પર દોડી આવ્યા હતા અને વેપારીઓની પડખે રહેવાની હૈયાધારણ આપતા હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણમુક પ્રેક્ષક બની ગયો હતો. આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ટાવર રોડ પર ડિવાઈડરરૂપી પથ્થર રોડ વચ્ચે મુકીને તેના બે ભાગ કરવા કે નહી તે અંગેનો નિર્ણય નગરપાલિકા અને સંલગ્ન વિભાગો સોમવાર તા. ૨ એપ્રિલના રોજ કરશે. ત્યારબાદ ટાવરરોડના વેપારીઓએ શું કરવું તે અંગે ખબર પડશે.

## કૉંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતનું બજેટ બહુમતિએ મંજૂર

### ૬ લાખની પુરાંતવાળુ બજેટ ૨૩ વિરુદ્ધ ૧૦ મતથી મંજૂર

કૉંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતનું બજેટ બહુમતિ એ મંજૂર કરાયું હતું. વિપક્ષના વિરોધ વચ્ચે ૨૩ વિરુદ્ધ ૧૦ મત થી સને ૨૦૧૮-૧૯નું રૂ.૬ લાખની પુરાંતવાળું બજેટ મંજૂર કરાયું હતું.

કૉંગ્રેસ શાસિત પાલનપુર તાલુકા પંચાયતની આજરોજ સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સને- ૨૦૧૮-૧૯નું રૂ.૬ લાખની પુરાંતવાળું બજેટ રજૂ કરાયું હતું. જે બજેટને વિકાસ વિરોધી ગણાવી વિપક્ષ ભાજપે વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારે શાસક પક્ષ કૉંગ્રેસે બહુમતિ થી બજેટ મંજુર કર્યું હતું.

વિપક્ષના વિરોધ વચ્ચે મતદાન કરાતા ૨૩ વિરુદ્ધ ૧૦ મતથી બજેટને મંજૂર કરાયું હતું. બજેટને વિકાસલક્ષી ગણાવી શાસકપક્ષે વિપક્ષના વલણને વિકાસ વિરોધી ગણાવ્યું હતું.




**માલપુરમાં બેન્ક ઓફ બરોડા અને એસબીઆઈના એટીએમ બંધ હાલતમાં**

અરવલ્લી જીલ્લામાં માલપુર ગામ તાલુકા મથક હોવાની સાથે શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પસાર થતો હોવાથી લોકોની અને વાહનચાલકોની અવર-જવર મોટા પ્રમાણમાં રહેતી હોવાથી માલપુર ગામે આવેલ રાજ્ય ધોરીમાર્ગ પર ઉભા કરવામાં આવેલા એસબીઆઈ અને બેંક ઓફ બરોડાના એટીએમ મશીન છેલ્લા કેટલાય સમયથી બંધ હોવાથી શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. એટીએમ કેટલાય દિવસથી બંધ હાલતમાં હોવાથી પ્રજાજનો પરેશાની ભોગવી રહ્યા છે અને એટીએમના ભરોશે તાલુકા મથકે કામકાજ અર્થે આવતા લોકો છતાં રૂપિયે પૈસા ન મળતા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. માલપુર અને તાલુકાની પ્રજા પાસેથી બેન્કોએ એટીએમના ચાર્જ વસૂલી પ્રજાના સુવિધા અર્થે ચાલુ કરેલ એ.ટી.એમ. બંધ રહેતા માલપુરની પ્રજાએ રૂપિયા ઉપાડવા ધોમધખતા તાપમાં ૧૭ કિમિ દૂર આવેલા મોડાસા એ.ટી.એમ. ખાતે રૂપિયા ઉપાડવા જવાની નોબત પેદા થતા લોકોમાં બંને બેંકોના વહીવટ સામે ઉગ્ર રોષ ફેલાયો છે. માલપુરના યુવા અગ્રણી હર્ષ પંડ્યા અને નરેશ પટેલે બંધ પડેલ બંને બેંકના એ.ટી.એમ.ને સત્વરે ચાલુ કરવાની માંગ સાથે બંને બેંકોની વડી કચેરીએ ઉગ્ર રજુઆત કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

## કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમત્તે મંજૂર

### ૩૪.૬૮ કરોડની પુરાંતવાળા બજેટ પર મંજૂરીની મહોર

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં સને ૨૦૧૮-૧૯નું ૩૪.૬૮ કરોડની પુરાંતવાળું બજેટ સર્વાનુમત્તે મંજૂર કરાયું હતું.

બનાસકાંઠા જિલ્લા પંચાયત ભાજપ પાસેથી આંચકી લઈ કૉંગ્રેસે સત્તાના સૂત્રો હસ્તગત કર્યા છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા પંચાયતની પ્રથમ સાધારણ સભા મહિલા પ્રમુખ પીનાબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સને-૨૦૧૮-૧૯નું ૩૪.૬૮ કરોડની પુરાંતવાળું બજેટ રજૂ કરાયું હતું. જે બજેટને વિકાસલક્ષી ગણાવી સર્વાનુમત્તે મંજૂર કરાયું હતું. આ બજેટમાં શિક્ષણ, આરોગ્ય, બાંધકામ સહિતના ક્ષેત્રોમાં ૮ કરોડની જોગવાઈ કરી જિલ્લાના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરાઈ હોવાનું પ્રમુખ પીનાબેન ઠાકોરે જણાવ્યું હતું.

## હિંમતનગર પાલિકાના ચીફ ઓફિસરનું મોબાઈલ બીલ અધધ

હિંમતનગર, તા. ૩૦

૨૧મી સદીમાં મોબાઈલ એ દરેક વ્યક્તિની જરૂરીયાત બની ગઈ છે. ત્યારે મોબાઈલ કંપનીઓ અને તે સંદર્ભે સેવા આપતી કંપનીઓને જાણે કે ઉપભોગતાઓને લૂંટવાનો ઈજારો મળી ગયો હોય તેમ ગ્રાહકોને અવનવી યોજનાઓમાં આકર્ષિત કરીને અઢળક કમાણી કરી રહ્યા છે ત્યારે જાણીને નવાઈ લાગશે કે હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસરનું મોબાઈલ બીલ રૂ. ૪૨ હજાર આવતા તેઓ ચોકી ઉઠ્યા હતા અને પોતાનો મબાઈલ વપરાશ બંધ કરી દીધો છે.

હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે પાંચાભાઈ માળી ફરજ બજાવે છે. જો કે તેમને સરકાર તરફથી તેમની કેટેગરી મુજબ મોબાઈલ ફાળવવામાં આવ્યો છે. જેનો ઉપયોગ કરીને તેઓ નગરપાલિકાના તથા તેને સંલગ્ન કામગીરી કરી રહ્યા છે. દરમ્યાન ચીફ ઓફિસરના મોબાઈલનું બીલ રૂ. ૪૨ હજાર આવ્યું છે. બીજી તરફ પાલિકાના જે કર્મચારીઓ પાસે સરકારી મોબાઈલ છે તેનુ બીલ રૂ. ૨૦૦ની આસપાસ આવે છે. જો કે ચીફ ઓફિસર સરકારી નંબરના મોબાઈલનો ઉપયોગ નેટ માટે કરે છે. પરંતુ રૂ. ૪૨ હજારનુ બીલ જે મોબાઈલ કંપનીએ પધરાવી દીધુ છે તે ખરેખર સાચુ છે કે ખોટુ તે તપાસનો વિષય છે.

મોબાઈલ બીલ અંગે ચીફ ઓફિસર પાંચાભાઈ માળીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ તેમનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હોવાને કારણે કોઈ વાતચીત થઈ શકી ન હતી. જ્યારે પાલિકા પ્રમુખ નિલાબેન પટેલે એવો મત વ્યક્ત કર્યો હતો કે જો સરકારના નિયમ કરતા મોબાઈલનું બીલ વધુ હશે તો તે ભરવાની જવાબદારી મોબાઈલનો ઉપયોગ કરનારનો રહેશે.

## સાબરકાંઠામાં આજે હનુમાન જયંતિ ઉજવાશે

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં શનિવારે હનુમાન જયંતિ હોવાને કારણે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે આવેલ હનુમાનજી મંદિરોમાં પૂજા-પાઠ, યજ્ઞ તથા ભોજન પ્રસાદ સહિત સત્સંગ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

હનુમાન જયંતિની ઉજવણી અંતર્ગત હિંમતનગરના ખાડીયા વિસ્તારમાં આવેલ બાલા હનુમાન મંદિરના અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા શનિવારે મારૂતિ મહાહવન યોજાશે. જેમાં શાસ્ત્રી ગીરીકશુમાર કર્મ કરાવશે. ઉપરાંત હિંમતનગર નજીક આવેલ હાજીપુરના ૧૧ મુખી હનુમાનજી મંદિરમાં પણ પૂજા પાઠ કરવામાં આવશે. તેજ પ્રમાણે પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે આવેલ રાસલોડીયા હનુમાનજી મંદિરમાં પણ હનુમાન જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું હનુમાન ભક્તો દ્વારા આયોજન કરાયુ છે. ઉપરાંત રાત્રે સત્સંગ તથા ભજન સંધ્યા યોજાશે. હિંમતનગરના ટાવર ચોક, મોતીપુરા, છાપરીયા, પોલોગ્રાઉન્ડમાં આવેલ હનુમાનજી મંદિરમાં પણ કાર્યક્રમ યોજાશે.


## શિવને અતિ પ્રિય ૭ કિલોનું સકરીયુ જોઈને નગરજનો આશ્ચર્યચકિત

આમ તો શિવરાત્રી હાલમાં જ ગઈ છે અને ભગવન શિવને અતિ પ્રિય એવું સકરીયુ દર્શક મિત્રોએ વધુમાં વધુ ૨ કિલોનું જોયું હશે પરંતુ મહેસાણાના એક ખેડુતે પોતાના ખેતરમાં વાવેલા બિયારણમાં એક સકરીયુ ૭ કિલો અને ૧૦૦ ગ્રામનું થવા ગયું છે જેની લંબાઈ પણ ૩ ફૂટ જેટલી છે. મહેસાણાના લાઘણજ ગામની પાસે આવેલા ચરાડું ગામના આ ખેડૂતના હાથમાં રહેલી ચીજ જોઈને આપ પણ વિચારતા થઈ જશો કે આ તો શું છે. પરંતુ આ બીજું કહી નહી પરંતુ શિવને અતિ પ્રિય સકરીયુ છે. આમ તો આ ખેડૂતે પોતાના ખેતરમાં વાવેતર કરવા માટે પ્લોટીંગ કર્યું હતું અને શકરિયાના બી નાખ્યા હતા પરંતુ ગત રોજ તેઓએ જ્યારે આ બિયારણ કેવું થાય છે તે અંગે તપાસ કરતા તેમાંથી આ સકરીયુ બહાર આવ્યું છે જેનું વજન ૭ કિલો અને ૧૦૦ ગ્રામ છે જ્યારે નવાઈની વાત તો એ છે કે આ સકરીયુ ૩ ફૂટને પણ આબી ગયું છે અને આ ખેડૂતો મનો મન એવો વિચાર કાર્યો છે કે હાલમાં તો બિયારણ જ્યારે થાય ત્યારે થાય પરંતુ આ સકરીયુ તેઓ શિવને અર્પણ કરશે જેથી તેમના ખેતરમાં આવાજ સકરીયુ પાકે. જે જોવા માટે લોકોમાં પણ ભારે કતુકતા જોવા મળી હતી.

# પ્રાંતિજ ટોલનાકા પર ભાવ વધારો ઝીંકાશે

## કારચાલકોમાં ભાવ વધારાને લઈને રોષ : પહેલી એપ્રિલથી નવો ભાવ અમલમાં આવશે



પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર પાસે આવેલ ટોલનાકા ઉપર પહેલી એપ્રિલથી પાંચ રૂપિયાનો વધારો જીંકાશે તો વાહન ચાલકોમાં રોષ જોવાં મળ્યો છે.

ભારતીય રાષ્ટ્રીય ધોળીમાર્ગ નેશનલ હાઈવે આઠ ઉપર હાઈવે ઓથોરીટી દ્વારા પ્રાંતિજના કતપુર ખાતે આવેલ ટોલનાકા ઉપર પહેલી એપ્રિલથી ટોલ ભાવમાં રૂપિયા પાંચનો વધારાને લઈને વાહન ચાલકોમાં રોષ જોવાં મળ્યો છે. હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ સગવડ આપવામાં આવતી નથી અને છેલ્લાં કેટલાય સમયથી હાઈવે ઓથોરીટી દ્વારા તગડો ટોલટેક્સ લેવા છતાં અને અવારનવાર ટોલટેક્સ વધારવા છતાં હાઈવે ઓથોરિટી દ્વારા આપવામાં આવતી સુવિધાઓ આપવામાં આવતી નથી. નેશનલ હાઈવે આઠ ઉપર અનેક જગ્યાએ રોડની વચ્ચે ગાબડા પડયા છે તથા થીગડા મારવામાં આવ્યા છે. ઉપરથી બીજો નવો ભાવવધારો ઝીકી દેતાં રાજીદા તથા કાયમી અવર-જ્વર કરનારા વાહન ચાલકોમા રોષ જોવા મલ્યો છે.

| | જુના ભાવ | નવો ભાવ | રીટન |
|---|---|---|---|
| કાર | ૫૫ | ૬૦ | ૮૫ |
| એલસીબી | ૯૦ | ૯૫ | ૧૪૦ |
| બસ/ટ્રક | ૧૯૦ | ૧૯૫ | ૨૫૫ |
| થીએકસલ | ૨૦૫ | ૨૧૫ | ૩૨૦ |
| હેવી ટ્રેલર | ૨૫૫ | ૩૧૦ | ૪૬૫ |
| ઓવરસાઈજ | ૩૬૦ | ૩૭૫ | ૫૬૫ |

### મોડાસા નગરપાલિકાની વરસાદી પાણીના નિકાલ માટેની ગટરલાઈનોમાં

# કોમર્શિયલ અને રહેણાંક વિસ્તારોના ઠેર ઠેર ગેરકાયદેસર જોડાણ

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે શહેરના મોટાભાગના વિસ્તારોમાં કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું છે અને હાલની સ્થિતિમાં પણ નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલ મોડાસા શહેરમાં ચોમાસાની ઋતુમાં વરસાદી પાણી ભરાતા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘુસી જતા વરસાદી પાણીથી સર્જાતી કટોકટી નિવારણ માટે દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભૂગર્ભ ગટર યોજનાનો વધુ લાભ મળે તે માટે રજુઆત કરી હતી. બીજી બાજુ નગરપાલિકા તંત્રની વરસાદી પાણીની ગટર લાઈનોમાં શહેરના કોમર્શીયલ વિસ્તરો, શોપિંગ સેન્ટરો અને ખાનગી હોસ્પિટલો સહીત રહેણાંક સોસાયટીના રહીશો દ્વારા બિનઅધિકૃત રીતે ગટરમાં જોડાણ આપી દીધા હોવાથી ગટરો ચોકઅપ બનતા વરસાદી પાણી નો ત્વરિત નિકાલ થતો ન હોવાથી અને વારંવાર ગટરો ઉભરાતી હોવાથી નગરજનોના આરોગ્ય સામે ખતરો પેદા થતા વરસાદી પાણીની ગટરલાઈનમાં આપેલ ગેરકાયદેસર ગટરમાં જોડાણ આપનાર જવાબદાર લોકો સામે દંડાત્મક કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે.

### નગરપાલિકાના ચીફ ઓફિસર ગેરકાયદેસર ગટર જોડાણ અંગે મૌન સેવ્યું

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રણવ પારેખને વરસાદી પાણીની ગટર લાઈનમાં લોકોએ આપેલ ગેરકાયદેસર જોડાણ અંગે ટેલિફોનિક પૂછ પરછ કરતા હાલ માર્ચ મહિનામાં વસુલાતની કામગીરી ચાલતી હોવાનું જણાવી મૌન સેવ્યું હતું.



આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા નગરપાલિકાની વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી માલપુર રોડ, મેઘરજ રોડ, ડીપ વિસ્તાર બસ સ્ટેન્ડ પાછળ અને કોલેજ રોડ પર કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ ગટરોમાં કોમર્શિયલ બિલ્ડીંગો, એપાર્ટમેન્ટ ધારકો અને સોસાયટી વિસ્તારોના લોકોએ અને બિલ્ડરોએ નગરપાલિકાની મંજૂરી વગર નાની મોટી ગટર લાઈનમાં તેમની ડ્રેનેજ લાઈનનું જોડાણ અપાતા કરોડો રૂપિયા ખર્ચવા છતાં વરસાદી ઋતુમાં ગટરો ચોકઅપ થવાથી બેક મારતી હોવાથી સામાન્ય વરસાદમાં પણ મોડાસા શહેર તળાવમાં ફેરવાઈ જવાની ઘટનાઓનું નિર્માણ વારંવાર થતું હોવાથી અને વરસાદી પાણીની ગટર લાઈનોમાં ડ્રેનેજના કનેક્શન આપી દેવતા ગટરોમાંથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધ લોકો તોબા પોકારી ઉઠ્યા છે અને નગરજનોના આરોગ્ય સામે પણ ખતરો પેદા થતો નગરજનોએ વરસાદી પાણીની ગટરલાઈનોમાં ગેરકાયદેસર જોડાણ કરનાર જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી.



### નગરપાલિકાના સેનેટરી ઈસ્પેકટરને પુછાતા ગોળ ગોળ જવાબ આપ્યો

મોડાસા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સુનિલરાજ પુરોહિતને વરસાદી પાણીની ગટરલાઈનમાં ગેરકાયદેસર જોડેલા ગટર કનેકશન અંગે પૂછતા કેટલાક લોકોએ કાયદેસર નગરપાલિકામાં રૂપિયા ભરી જોડાણ લીધેલ છે અને અન્ય ગેરકાયદેસર રીતે ગટરનું જોડાણ જે લોકો દ્વારા કરવામાં આવ્યું હશે તેની તપાસ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.